International Referred Journal 2321 : 2160

UGC APPROVAL No. 47772

AYUDH

27th Issue

August 2017



Guest Editor

Dr. Iros Vaja

Associate Professor and Head,

Department of English,

Matushri Virbaima Mahila Arts College,

Rajkot, (Gujarat)

વિશિષ્ટ રીતે સક્ષમ વ્યકિતઓ અને માનવ અધિકાર
(Human Rights and Differently Abled Persons)

ડૉ. જીતુભાઇ આર. ખાણિયા
આસિસ્ટન્ટ પ્રોફેસર,
મનોવિજ્ઞાન વિભાગ,
આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ

પ્રસ્તાવના :

વિકલાંગોના માનવ અધિકારોનો ઇતિહાસ, તેના પ્રત્યેની સંવેદનશીલતા અને વૈજ્ઞાનિક દ્રુષ્ટિકોણ સૌ પ્રથમ જર્મનીમાં જોવા મળે છે. વિશ્વ આખું અંધશ્રદ્ધા, વહેમમાં ગળાડૂબ હતું ત્યારે જર્મનીના મહાન મનોવૈજ્ઞાનિક ડૉ. ફિલિપ્સ પિનેલે ત્યાંની સરકાર અને વિશિષ્ટ નિષ્ણાંતો સામે માનસિક વિકલાંગોની આઝાદી માટે પડકાર ફેંકયો હતો. ડૉ. ફિલિપ્સ પીનલે ૧૭૯૨-૯૪ માં વિકલાંગોની આઝાદી અને અધિકારો માટે સમાજમાં જાગૃતિ લાવવાનું અભિયાન આરંભ્યું હતું. ડૉ. પીનેલે માનસિક વિકલાંગોના હાથ-પગમાં, શરીરમાં ઝકડાયેલી બેડીઓ તોડી તેની સાથે સમાનુભૂતિ કેળવી, કૌટુંબિક તેમજ મુકત વાતાવરણ આપવાનું આહવાન કર્યું હતું. ડૉ. પીનેલની વૈજ્ઞાનિક પહેલ સામે જર્મનીના નિષ્ણાંત લોકોએ અને અન્યોયે ફિલ્પિસે પીનેલની ઘોર ટીકા કરી હતી. ડૉ. પીનેલ હતોસાહી ન થતા પોતાના અથાગ પ્રયત્નો થકી દિવ્યાંગોને ઝંઝીરોની કાળકોટડીમાંથી મુકત કરી, નવું વાતાવરણ પૂરું પાડી સાઝા કરી, અધિકારો અપાવ્યા હતા. આ ઘટના થકી વિશ્વને એક નવી દિશા મળી હતી. નવી પહેલ બદલ વિશ્વ તરફથી અભિનંદનની વર્ષા થઇ હતી.

ડૉ. ફિલિપ્સ પીનેલની પહેલ પછી, જર્મનીના સ્વપ્નદ્રષ્ટા સરકારના આદેશથી પ્રેરાઇને ઇ.સ. ૧૯૦૩ માં આલ્ફેડબિન અને થીયોડર સાયમને જર્મનીની શાળાઓનાં મનોદુર્બળ બાળકોને શોધવાનું અને તેને વિશિષ્ટ શિક્ષણ આપવાનું કામ આરંભ કર્યું હતું. આ સંદર્ભે બાળકોની બુદ્ધિ માપવા માટે ઇ.સ. ૧૯૦૫ માં આલ્ફેડબિને અને થીયોડર સાયમનના સંયુકત પ્રયત્નો દ્વારા બિને-સાયમન બુદ્ધિ કસોટીની રચના કરવામાં આવી હતી. જેના દ્વારા મનોદુર્બળ બાળકોને જાણી શકાય. ઇતિહાસનું આ વર્ષ મનોદિવ્યાંગોના હકો અને અધિકારો વિશે દિશાસૂચન કરે છે.

ઉત્ક્રાંતિવાદના પ્રણેતા આલ્ફેડ વાલેસ અને ચાર્લ્સ રોબર્ટ ડાર્વિને પ્રકૃતિનો વિકાસ કાળક્રમે થયો તેવું સૂચવ્યું છે. આ સાથે આલ્ફેડ વાલેસનો ઉત્ક્રાંતિવાદનો ઇતિહાસ હાસીયામાં ધકેલાય ગયો. વર્ષોથી સબળો નબળાને ભક્ષે છે તેવું માનવ અધિકારોમાં પણ જોવા મળ્યું છે. જાન્યુઆરી-૧૮૨૩ માં આલ્ફેડ વાલેસે માનવ જગતને એક વાત યાદ રાખવાનું સૂચવ્યું છે કે, પૃથ્વી મનુષ્યોની એકલાની નથી માટે તેને ઉજજડ કરવાનું વહેલી તકે બંધ કરી દેવું જોઇએ. ઇતિહાસના આ શબ્દો પૃથ્વી પર નભતા તમામ જીવોના અધિકારોનું સૂચન કરે છે.

ડૉ. સીગ્મંડ ફ્રોઇડના મતે માનવ અધિકારો અંગે પાયાની કેળવણી :-

માનવ અધિકારો વિશે ડૉ. સીગ્મંડ ફ્રોઇડ સામાજીક અભિસંધાનની પ્રક્રિયાને વિશેષ જવાબદાર ગણે છે. ડૉ. ફ્રોઇડ માને છે કે, માનવઅધિકારો, ફરજો વિશે જાગૃત બનાવવાની પ્રક્રિયાનો મોડ ઇડ, અહમ અને અધિઅહમની પ્રક્રિયા દરમ્યાન શરૂ થવો જોઇએ. ઇડ એ જૈવિક પ્રક્રિયા છે. અહમ એ સામાજિક પ્રક્રિયા છે અને અધિઅહમ એ મનોવૈજ્ઞાનિક પ્રક્રિયા છે. આ ત્રણેય પ્રક્રિયામાંથી વ્યકિતઓને પસાર થવું પડે છે. આ ત્રણેય પ્રક્રિયા દરમ્યાન બાળકને માનવઅધિકારો તેમજ ફરજો વિશે યોગ્ય સામાજીકીકરણ, માનવીકીકરણ કરવામાં આવ્યું હોય તો તે સામાજીક અભિસંધાનની નિપજરૂપે બાળક મોટો થઇ પોતાના અધિકારો અને ફરજો નૈતિક રીતે પરિપૂર્ણ કરશે તેમજ બીજાના માનવ અધિકારો તેમજ ફરજો વિશે ન્યાયાધિન બનશે. પરંતુ આધુનિકતાની હોડમાં ખોવાયેલો-ખર્ચાયેલો માણસ માત્ર પોતાના સંતાનોને મોટો માણસ જેવાં કે, ડૉકટર, એન્જીનિયર, પ્રોફેસર, વકીલ, અધિકારી, રાજનેતા વગેરે બનાવવા તરફ આગળ વધ્યો છે. ઘણીવાર માનવ અધિકારોનું ચહેરોક હનન કરીને પણ અંતીમ મંજીલ સુધી પહોંચી જતો હોય છે. પરંતુ એ જ માતા-પિતા પોતાના સંતાનને પોતાની ફરજો, દેશપ્રેમ, એકતા તેમજ તમામ ભેદભાવોથી પર રહીને વસ્તુલક્ષીતાવાળું જીવન જીવતા શીખવતા નથી. બાળકને

દોષયુકત શિક્ષણ મળતા તે માનવ અધિકારોનું હનન કરે છે. તેથી માનવ અધિકારોના પ્રશ્નો ઉભા થાય છે. સમાન અધિકાર ન મળતા લોક જુવાળ ફાટી નીકળે છે. અધિકાર માંગવા લોકો આગળ આવી આંદોલનનો માર્ગ અપનાવે છે. આ સંદર્ભે ઓશો રજનીશ કહે છે કે,

"अधिकार मागने वाले कभी भी स्वतंत्र नही हो सकते,
क्योंकि जिनसे वो अधिकार मांगेगे उनके वो परतंत्र बने रहेगे ।"

ડૉ. ફ્રોઇડ અને રજનીશની વાતને ધ્યાને લઇ કુટુંબમાં બાળકના ઉછેર સમયે યોગ્ય માનપીકીકરણ જો કરવામાં આવશે તો માનવ અધિકારો મેળવવા, માણસે માણસ પાસે જઇ પરતંત્ર નહી બનવું પડે.

મધર ટેરસાના શબ્દોમાં : "આપણે વિકલાંગોની સાથે ઉભા રહીને તેમને ટેકો આપવો જોઇએ. આપણો એક ઉદ્દેશ તેમને પ્રેમ અને સન્માન આપવાનો હોવો જોઇએ. તેમને તેમના હક મળી રહે તે આપણી નૈતિક ફરજ છે."

આપણી વસ્તીના મોટાભાગના હિસ્સાને અસર કરે તેવા દિવ્યાંગ વ્યકિતઓના અધિકાર માટે, માનસિક અને સામાજિક ઉકેલ માટે, સમાન અધિકાર, સરખો દરજ્જો, સરખું સ્વાતંત્ર્ય, સરખી જવાબદારી આપી શકે તેવું માળખું રચવું જોઇએ. સરકારશ્રીની જુદી-જુદી નીતિ ઘરાવતા સંવિધાનિક જોગવાઇઓ, યોજનાઓ, નીતિઓ થકી વિકલાંગ વ્યકિતઓમાં સરખી તક પૂરી પાડી ઉત્કર્ષ અને વિકાસ સાધી શકાય.

વિકલાંગતાને મેડીકલ વિજ્ઞાને નીચેની પરિસ્થિતિ મુજબ જાહેર કર્યું છે.

૧. અંધત્વ
૨. ઓછું દેખાવું/ઓછી દ્રષ્ટિ
૩. કુષ્ટ રોગથી સાજા થયેલા
૪. બહેરાશ
૫. શારીરિક અશકતતા
૬. માનસિક બિમારી
૭. માનસિક પછાતપણું

વિકલાંગોના હક :

ભારત સરકારશ્રીના આંકડા મુજબ કુલ વસતિના ૧૦% સંખ્યા વિકલાંગતા ધરાવે છે. વિકલાંગતા એ દરેક સમાજની પીડીતા ભરી ઘટના છે, જે સામાજિક માળખાને ખોરવી નાખે છે. વિકલાંગ વ્યકિતઓના હક અને જાગૃતિ માટેની ઘટના તાજી છે એમ કહી શકાય, તેથી જ વિકલાંગ વ્યકિતના હિતો-હકોનું રક્ષણ કરવા માટે સરકાર તેમજ સામાજિક સંસ્થાઓ પ્રયત્નશીલ બની છે.

અશકતતા :

શારીરિક અને માનસિક દિવ્યાંગતા એ જન્મપૂર્વ, જન્મ દરમ્યાન કે જન્મ પછીની હોય છે. અશકતતા ધરાવનાર વ્યકિત લઘુતાગ્રંથીનો ભોગ બનતી હોય છે. અશકત વ્યકિત અન્ય લોકોની સાથે ભાગ લેવાની તકોની મર્યાદા ધરાવે છે. જે જૈવિક તેમજ સામાજિક અભિસંધાનની નિપજ છે.

ભારતમાં વિકલાંગોની સ્થિતિ :

આપણા દેશમાં મુખ્યત્વે વિકલાંગોને અલિપ્ત ભાવ, દયા-દાન, સહાનુભૂતિની દ્રષ્ટિએ જોવામાં આવે છે. બીજા શબ્દોમાં તેઓને સીમાન્ત બનાવી દેવાય છે. તેમનું મૂળભૂત ગૌરવ અને સમાન તકો માટેના હકને નકારવામાં આવ્યો છે. ભારત દેશમાં ઇ.સ. ૧૯૯૫ નો વિકલાંગ વ્યકિતઓ વિશેનો અધિનિયમ અમલી બન્યો તે પહેલાં અહીં માત્ર માનસિક આરોગ્ય અધિનિયમ, ૧૯૮૭ અમલમાં હતો. આ અધિનિયમ માનસિક રોગીઓ, મગજ અસ્થિરતા ધરાવતા લોકો માટે સંબંધિત હતો. આ કાયદામાં અન્ય વિકલાંગો માટેની કોઇ જ જોગવાઇ ન હતી. તે પછી છેક ૧૯૯૮ માં ભારતની સંસદે અશકતતા ધરાવતી વ્યકિતઓનો (સમાન તક, અધિકારોનું રક્ષણ, સંપૂર્ણ સહયોગ) અધિનિયમ પસાર કર્યો. આ એક સૌ પ્રથમ આધુનિક સર્વગ્રાહી કાયદો છે જે ભારતના ૭ કરોડથી વધુ દિવ્યાંગ વ્યકિતઓની પ્રગતિના પાસા સ્પર્શે છે. દિવ્યાંગોની સ્થિતિમાં વધતી જતી જાગૃતિ અને હિમાયતી જૂથોના કારણે સુધારો થવાની શરૂઆત થઇ છે. રાષ્ટ્રએ પોતાના હિતોનું રક્ષણ કરવા માટે કાયદાનું માળખું તૈયાર કરવા માડયું છે. આ રાષ્ટ્રીય ચળવળ થકી દિવ્યાંગોને મધ્ય પ્રવાહમાં ભેળવવા અને પ્રોત્સાહીત કરવા માટે અમૂલ્ય પગલાં સમાન છે.

દ્વારા ઉપલબ્ધ કરાતી સુવિધાઓ અને જોગવાઇઓ) :

દિવ્યાંગો માટે સરકાર તરફથી રેલ્વે ભાડામાં રાહત, હવાઇ મુસાફરીમાં રાહત, પોસ્ટેજ, સંપૂર્ણ મુકિત, ટુલ્સ/આબકારી એટલે બ્રેઇલ પેપર દ્રશ્ય શ્રાવ્ય કેસેટ્સ સહિતની વસ્તુઓમાં આબાકારી, વાહન ભથ્થામાં રાહત, ભથ્થામાં રાહત, આવકવેરામાં રાહત, ઓઇલ કંપનીઓ દ્વારા ડીલર તરીકે નિમણૂંકમાં અનામત, વતનથી નજીક ટૂંક, આર્થિક સહાય, આરોગ્ય સુવિધામાં રાહત, વિકલાંગોના સશકિતકરણ માટે શિક્ષણ સાથે જોડાયેલ તમામ ોમાં સરકાર તરફથી સામર્થ્યતા તથા રાહત આપવામાં આવે છે. જે બાબત દિવ્યાંગોને સામાન્ય લોકોની હરોળમાં ું સૂચવે છે. સાથે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૧૯૮૬ માં વિકલાંગ વિદ્યાર્થીઓને સામાન્ય શાળામાં જ શિક્ષણ આપી તેમને ન્ય બાળકો સાથે હળવા મળવા માટેની જોગવાઇ કરવામાં આવી છે.

tional Policy for persons with Disabilities :

Person with Disabilities : Equal opportunities, protection of Rights and full participation) Act, 1995, Which provides for education, employment, creation of barrier free environment, social security etc.

National Trust for Welfare of Persons with Autism, cerebral palsy, mental retardation and multiple disability Act, 1999 has provisions for legal guardianship of the four categories and creation of enabling environment for as much independent living as possible.

Rehabilitation Council of India Act, 1992 deals with the development of manpower for providing rehabilitation services.

પર્સન્સ ઇન ડેસ્ટિટ્યૂશન (પ્રોટેકશન કેર એન્ડ રિહેબિલીટાઇઝેશન) મોડલ બીલ, ૨૦૧૬ ઘરબારથી વિખુટા પડી ગયેલા કે અશકત વિકલાંગ લોકો માટે પુનઃવસવાટ કેન્દ્રો ખોલવાની નેમ ધરાવે છે. આ કાયદો રાજય સરકાર આવા લોકો માટે પુનઃવસવાટની જોગવાઇ કરે તેના પર ભાર મૂકે છે. આ કાયદાનું હનન એ અપરાધ જન્ય છે.

કલાંગતા અટકાવવા અને ઓળખાવવા માટેના પગલાં :

- દિવ્યાંગોના કાયદા અનુસાર સરકારે અને સ્થાનિક સત્તાતંત્રોએ વિકલાંગતા સંબંધી સર્વે હાથ ધરવા જોઇએ. વિકલાંગતા ન આવે તેવી પદ્ધતિને પ્રોત્સાહિત કરવી જોઇએ. માતાના ગર્ભમાં રહેલા બાળકની નિયમિત તપાસ કરવી જોઇએ. આરોગ્ય તંત્રમાં કામ કરતા કર્મચારીને યોગ્ય તાલીમ આપવી જોઇએ. વિવિધ માધ્યમ દ્વારા જાગૃતિ અભિયાન શરૂ કરવા જોઇએ. માતા-બાળકની પ્રસુતિ પહેલા, પ્રસુતિ સમયે અને પ્રસુતિ પછી કાળજી લેવી જોઇએ.
- શિક્ષણ દ્વારા વિકલાંગ બાળકોને પ્રોત્સાહિત તેમજ સશકિતકરણ કરવા જોઇએ તેમજ તેનામાં નવી આવડત ખીલે તે રીતે શિક્ષણની પદ્ધતિઓ વિકસાવવી જોઇએ તેમજ સમયાંતરે આ પદ્ધતિઓમાં સુધારો લાવવો જોઇએ.
- દિવ્યાંગો માટે રોજગારીની તકમાં વિપુલ પ્રમાણમાં સર્જન થવું જોઇએ. સરકારી- બિનસરકારી સેવા તેમજ દિવ્યાંગો માટે કૌશલ્ય કાર્યક્રમો રચી પ્રોત્સાહન આપવું જોઇએ.
- દિવ્યાંગોના ઉત્કર્ષ વિકાસ માટે સમયાંતરે વિવિધ યોજનાઓ ઘડી હકારાત્મક પગલાં લેવા જોઇએ.
- દિવ્યાંગોને વાહન મુસાફરી દરમ્યાન, જાહેર મકાનો મિલકતો પર, બઢતી-બદલી વગેરે જેવી જગ્યાઓએ ભેદભાવો દૂર કરી મનો-સામાજિક સમસ્યાનો ઉકેલ લાવવો જોઇએ.
- દિવ્યાંગોમાં સામાજિક સલામતી કેળવવા માટે વિવિધ યોજનાઓ, આર્થિક સહાય, પુનઃસ્થાપિતતા, નવી કુશળ નીતિઓ ઘડતી વખતે પરામર્શ કામગીરીમાં તેમને સામેલ કરવા જોઇએ.
- દિવ્યાંગોને તેના અધિકારો હકો વિશે વિસ્તૃત જાણકારી કે પ્રોત્સાહિત કરે તેવા વાતાવરણનું સર્જન કરી અમલ માટેનું આધુનિક મોડલ તૈયાર કરવું જોઇએ.

અધિકાર અંગે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણ :-

શિક્ષણવિદો અને સમાજવૈજ્ઞાનિકો દ્વારા સ્ત્રીઓના માનવ અધિકારોની વાત થતી હોય ત્યારે હંમેશા કહેતા હોય છે , ગ્લેસ સીલીન્ડર ફાંટતા બહુમત સંખ્યામાં સ્ત્રીઓ જ તે ઘટનાનો ભોગ બની મૃત્યુ પામતી હોય છે. આ વાત સાચી છે, ુક્તાયુકત છે, નકારી ન શકાય તેવી છે, પરંતુ એ ન ભુલવું જોઇએ કે સમાજમાં અને વ્યવસાયમાં અન્યાયની સામે ઝઝૂમતા

કેટલાય માણસો ગેસસીલીન્ડરની માફક ગુંગળાઇ છે, પીડાય છે, રીબાઇ છે. પ્રકૃતિનો એવો નિયમ છે કે, જેવી ક્રિયા તેવી પ્રતિક્રિયા. આ નિયમ કે સિદ્ધાંતને સર આઇજેક ન્યુટને વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણ મુજબ **'The Law of Action-Reaction'** ને સાચો પુરવાર કર્યા છે. એટલે કે **'Action'** તેવું **'Reaction'** મળતું જ હોય છે.

આપણે બધા માનવ અધિકારોની લડત લડીએ છીએ, પરંતુ એ ભૂલી ગયા છીએ કે, પૃથ્વી પરના તમામ જીવોને આ પૃથ્વી પર નભવાનો સમાન અધિકાર કુદરતે આપ્યો છે. છતાં કુદરતના નિયમોનું ઉલ્લંઘન કરીને આપણે પ્રકૃતિને એનકેન રીતે નુકશાન પહોંચાડીએ છીએ. પ્રકૃતિને આપણે નુકસાન કરીએ છીએ ત્યારે તે પણ ગેસ સીલીન્ડરની માફક ગુંગળાઇ છે. અવાજ થતો નથી. આપણી નુકસાનકારક ક્રિયાની સામે તેની પ્રતિક્રિયા ખૂબ જ ભયાનક હોય છે. પૃથ્વી પર તબાહી મચાવે તેવી પ્રતિક્રિયાઓ ભૂકંપ, સુનામી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, વાવાઝોડું, દુષ્કાળ, અતિગરમી, એસિડ વર્ષા જેવા ભયંકર પરિણામોની પ્રતિક્રિયાથી આપણે સૌ કોઇ પરિચિત છીએ. છતાં મનુષ્ય આધુનિકતાની હોડમાં કુદરતને છંછેડવાનું અને નુકસાન પહોંચાડવાનું બંધ કર્યું નથી. જેથી સામેની પ્રતિક્રિયા પરિણામરૂપી પૃથ્વી પર નભતા તમામ જીવોને ભોગવવું પડે છે. સમાજમાં આવી સ્થિતિ દિવ્યાંગો, શોષિતો, પીડીતો અને નબળાવર્ગોની છે. સમાજ દ્વારા સદીઓથી શોષણનો, અસમાનતાનો, ધૃણાનો ભોગ બનતા રહ્યા છે. શોષણના ભોગ બનનાર તમામ આજે ગેસના સીલીન્ડરની માફક તેઓ ગુંગળાય છે. એનો અર્થ એવો નથી કે, તેઓ પ્રતિક્રિયા નહીં આપે. દરેક વ્યકિત સહનશીલતાની હદ પછી પ્રતિક્રિયાવાદી બનતો જ હોય છે, અંતે તે અતિ ગુંગળાશે તો ફાટશે જરૂર.

આ ગેસ સીલીન્ડરને ગુંગળાતું અટકાવવા માટે, ફાટતું અટકાવવા માટે સારા ટેકનીશ્યનની જરૂર પડે છે તેમજ સાથે તેનું સમાનતાના ધોરણે જાળવણી સંવર્ધન થવું જોઇએ. આ જ આનો વૈજ્ઞાનિક ઉપાય છે. આવો જ પ્રાયોગિક વૈજ્ઞાનિક ઉપાય માનવ સમાજ માટે આપણે કરવો પડશે. માનવ મનના ગેસ સીલીન્ડરને ગુંગળાતો અટકાવવા માટે સમાનતાનો અધિકાર, સ્વતંત્રતાનો અધિકાર અને બંધુત્વતા કેળવવી જ પડશે. આ સર્વેની જાળવણી માટે ઉચ્ચ કોટીના સામાજિક વિચારકોએ ટેકનિશીયનના દ્રષ્ટિબિંદુથી વિચારી સમાજમાં જાગૃતિ લાવવી પડશે. સમાનતાવાદી યુવાઓને તૈયાર કરવા પડશે તો જ ગુંગળાતા પીડાતા માનવ સમાજને ગૂંગળાતા, ફાંટતા બચાવી-અટકાવી શકાશે.

દિવ્યાંગોના માનવ અધિકારો માટે જાગૃતિ અભિયાન :

- "ઇલેકટ્રોનિક અને પ્રીન્ટ મીડીયાએ બંધારણની ચોથી આંખ સમાન છે. એટલે મીડિયાની ભૂમિકા સમાજ માટે પક્ષપાત વિહિન હોવી જોઇએ તેથી બંધારણમાં તેને દરજ્જો મળ્યો છે. ફેબ્રુઆરી-૨૦૧૭ માં ગુજરાત સરકારે દિવ્યાંગ વ્યકિતઓના સહાયકોને ચૂકવાતું ભથ્થું સદંતર બંધ કરી દીધું છે. તેની નોંધ ભાગ્યે જ કોઇ મીડિયાએ લીધી છે. નોંધ લીધી છે તો તેના પ્રસાર-પ્રચારનો ખૂબ જ અભાવ રહ્યો છે, જે નીંદનીય છે. સાથે વિપક્ષમાં બેઠેલા નેતાઓ પણ આંખ આડા કાન કર્યા છે તેમજ સામાજિક કાર્યકરોએ પણ નોંધ લીધી નથી સાથે દિવ્યાંગોની ચળવળ ચલાવનારા લોકોએ પણ દિવ્યાંગોના સહાયકોને મળતા ભથ્થાના અધિકારો વિશે કોઇ પણ પ્રકારનો સરકાર સામે વિરોધ નોંધાયો નથી અને બધુ શમન થઇ ગયું છે, થાળે પડી ગયું છે. આ બાબત દિવ્યાંગોના માનવ અધિકારોના ભંગ સમાન છે. આ બાબતની જાગૃતિ સમાજમાં ફેલાવવી ખૂબ જ જરૂરી છે." (સંદર્ભ : સંદેશ ન્યુઝ પેપર, ફેબ્રુઆરી-૨૦૧૭)
- "દિવ્યાંગો માટે આશાનું કિરણ ઉજ્જૈનમાં જોવા મળ્યું છે. ઉજ્જૈનમાં જાગૃત નાગરીકો દ્વારા ઇન્દોર રોડની સ્ટેનફોર્ડ સ્કુલમાં દિવ્યાંગોના સમૂહ લગ્નનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૧૦૪ દિવ્યાંગ યુગલમાં ૭૭ હિન્દુ ૨૬ મુસ્લિમ અને ૧ શીખ પરિણયસુત્રમાં બંધાયા હતા. આ બાબત દિવ્યાંગો માટે સંવેદન જન્માવે તેવી છે. સમાજનો તમામ વર્ગ સંપીને દિવ્યાંગોના ઉત્કર્ષ વિકાસ માટે વિચારતો થશે તો જ દિવ્યાંગોમાં સમાનતા અને બદુત્વતાનો ભાવ કેળવાશે, સાથે દિવ્યાંગોની જીજીવીશા અને સુખાકારીમાં વધારો થશે." (સંદર્ભ : દિવ્યભાસ્કર ન્યુઝ, ફેબ્રુઆરી-૨૦૧૭)
- ઉત્તરપ્રદેશ રાજયના માનવલા ગામ (ગોરખપુર) માં ઘર દીઠ એક સભ્ય માનસિક બિમારીના ભોગ બન્યા છે. માનસિક દર્દીઓની વધતી જતી ચિંતાજનક સ્થિતિને શ્રી યોગી આદિત્યનાથે સંસદ સભાના દરેક સત્ર દરમ્યાન અનેકવાર આ મુદ્દા પર રજૂઆત કરી હતી. હાલ તેઓ ઉત્તરપ્રદેશ રાજયના મુખ્યપ્રધાન હોવાના નાતે તેઓએ માનવલા ગામ (ગોરખપુર) ના માનસિક બિમાર વ્યકિતઓ માટે વિશેષ આરોગ્યની સુવિધા મળે તે માટે તંત્રને

આદેશ આપ્યો છે. આ ઘટના મનો-શારીરિક દિવ્યાંગોના માનવ અધિકારો અને તેના સ્વાસ્થ્ય, સુખાકારી પ્રત્યે શ્રદ્ધા જગાવે છે. (સંદર્ભ : આજતક ચેનલ તા. ૨૫/૦૩/૨૦૧૭ શનિવાર, સમય : ૨૧:૩૬)

- દિવ્યાંગ બાળકો સાથે સોસાયટીના સામાન્ય બાળકો રમતા થાય તેવું જાગૃતિ અભ્યાન મનોવિદોએ, શિક્ષણવિદોએ સમાજમાં જઇને લાવવું પડશે.
- સહાનુભૂતિ અને પરાનૂભૂતિમાં રાચવાથી મનો દિવ્યાંગ બાળકોનો વિકાસ અશકય છે. જરૂર છે આવા બાળકોને સામાજિક પ્રસંગોમાં સાથે લઇ જવાની, તેમજ મનોરંજનના કાર્યક્રમોમાં કોઇપણ પ્રકારની લઘુતાગ્રંથી વગર સાથે લઇ જવા પડશે તોજ આવા બાળકોનું ઘડતર કરી શકીશું. આવા બાળકોને ગોધી રાખવામાં કયાંક ગુંદાઇ જશે. જરૂર છે મુકત વાતાવરણ આપવાની.
- માતા-પિતા જ દિવ્યાંગ બાળકોને વધુ સારી રીતે સાચવી શકશે તેથી સમાજની આલોચનાથી આવા બાળકોને ત્યજવા ન જોઇએ.
- બાળસંરક્ષણ ગૃહોમાં દિવ્યાંગ બાળકોની સલામતી માટેની યોગ્ય વ્યવસ્થા હોવી જોઇએ સાથે આવા બાળકોને પોતાની સલામતી માટે તાલીમના આયોજનની વ્યવસ્થા કરવી જોઇએ.
- માનવ અધિકાર પંચે પણ દિવ્યાંગોના અધિકારો બાબતે સમયાંતરે નિરીક્ષણ વ્યવસ્થા ગોઠવવી જોઇએ.
- સામાન્ય રીતે નોર્મલ બાળકોને લોકો દત્તક લેતાં હોય છે, પણ દિવ્યાંગ હોય તેવા બાળકોને કોઇ પેરેન્ટસ દત્તક લેવાનું વિચારતા નથી. જેમને ખરેખર લાગણી, પ્રેમ અને હૂંફની તાતી જરૂરિયાત હોય છે. દત્તક લેનાર પરિવારોમાં દિવ્યાંગ બાળકોને પણ દત્તક લેવાનું વિચારતા થાય તેવી જાગૃતિ ફેલાવી, વાતાવરણનું સર્જન કરવું પડશે. (સંદર્ભ : દિવ્યભાસ્કર વિશેષ ન્યુઝ, અમદાવાદ, તા. ૨૭/૦૩/૨૦૧૭, એનઆરઆઇ રત્ના શાહ દંપતીએ મિત્ર ગ્રૃપની પ્રેરણાથી બ્લાઇન્ડ પિપલ એસોસિએશન અમદાવાદમાંથી દિવ્યાંગ બાળક રોહનને દત્તક લીધાનું પ્રેરણાદાયક પગલું ભર્યું છે, જે વિશેષ નોંધ સમાન છે.)
- સાબરકાંઠા જિલ્લાના રાજેન્દ્રનગર ચોકડી પાસે આવેલ સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ લગભગ ૧૦૦૦ દિવ્યાંગોને શિક્ષણ, રોજગારીનું (ખાદીવણાટ) તેમજ જીવનઘડતરનું અમૂલ્ય કામ કરે છે. જેમાંથી પ્રેરણા લઇ સમાજે સહયોગ આપવાનું કામ કરવું જોઇએ તેમજ શૈક્ષણિક સંસ્થાઓએ આવી સંસ્થાઓની મુલાકાતનું આયોજન નિયમિતપણે કરવું જોઇએ. તો જ ઉત્તમ પેઢીનું નિર્માણ કરી શકીશું.
- ભારત દેશ એ ગામડાંમાં વસેલો દેશ છે. ૨૧મી સદીમાં પણ અંધશ્રદ્ધા, વહેમ, દોરા-ધાગા, મંત્રતંત્ર વગેરેમાં લોકો ગળાડૂબ છે. ઘણીવાર દુષિત વિચારધારાવાળા લોકો દિવ્યાંગતાને પણ અંધશ્રદ્ધામાં ખપાવી દિવ્યાંગ વ્યકિતને માનસિક શારીરિક ત્રાસ આપતા હોય છે. આ દુષિત વિચારધારાને અટકાવવા માટે યુવાઓએ સામાજિક જાગૃતિના અભિયાનમાં જોડાઇ દિવ્યાંગોના અધિકારો માટે આગળ આવવું પડશે.
- દિવ્યાંગ વિદ્યાર્થીઓને મળતી શિષ્યવૃત્તિ નિયમિતપણે અને સમયપ્રમાણે સુધારા સાથે મળવી જોઇએ.
- દિવ્યાંગ યુવક-યુવતીઓ માટે દિવ્યાંગજન સશકતીકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકાર તેમજ રાજય સરકાર દ્વારા વિવિધ હેતુથી રોજગાર લક્ષી તાલીમ કાર્યક્રમ નિયમિતપણે થવા જોઇએ.
- સમાજમાં ફેલાયેલી મનોબિમારીઓ જેવી કે ડીસલેકસીયા, ડિસકેલ્કયુલીયા, ડિસગ્રાફીયા, લર્નીંગ ડિસેબેલીટી, હાઇડન ડીસેબીલીટી જેવી ગંભીર બિમારીઓથી સમાજને, શિક્ષકગણને, વિદ્યાર્થીઓને જાગૃત કરવા પડશે અને તેના નિવારણ માટે મનોદિવ્યાંગોને તાલીમ પૂરી પાડતા સ્પેશ્યિલ એજયુકેશન (M.R.- B.Ed., M.Ed., RCI Approved) ધરાવતા શિક્ષકો, સલાહકારોની સમાજમાં ઘટ વર્તાય છે તે પૂરી પાડી શાળા-મહાશાળાઓમાં આવા શિક્ષકો અને સલાહકારોની નિમણૂંક કરવી જોઇએ.
- દિવ્યાંગોની વિશિષ્ટ સિદ્ધિ માટે તેમને પુરસ્કારોથી સન્માનીત કરવા જોઇએ. આવા વિશિષ્ટ પુરસ્કારો અન્ય દિવ્યાંગ વ્યકિતઓને માટે મનોબળ પૂરું પાડવાનું કામ કરે છે.

પ્રસ્તુત સંશોધન લેખ ગૌણ માહિતી આધારિત રજૂ કરવામાં આવેલ છે. દિવ્યાંગ વ્યકિતઓના માનવ હકો અને તે માટેની જાગૃતિ લાવવી એ વર્તમાન સમયની તાતી જરૂરિયાત સમાન છે. ભારતમાં દર દશ વ્યકિતઓએ એક વ્યકિત મનો- ... છે. આટલી મોટી સંખ્યાનાં લોકોને માત્ર દયાદાન-લાગણી અને ઉપેક્ષાભાવ પર છોડીશું તો

વિધેયાત્મક ભાગીદારી થવાની ક્ષમતાને આપણે અવગણીએ છીએ. પરિણામે તેઓ કાયમી પોતાની નીચી આત્મ ગૌરવની લાગણી સાથે કોઇ ખૂણે પડી રહેવા મજબુર બનશે. તેઓ આપણા સ્વજનમાના એક છે, માનવ છે. આપણે સૌ સાથે મળી સમાન સમાજ તરફ આગળ વધીએ. ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ અને વૈજ્ઞાનિક ડા. એ.પી.જે.અબ્દુલ કલામ દિવ્યાંગો માટેનો સંદેશો આપતા કહે છે કે, "માનસિક અને શારીરિક ક્ષતિ ધરાવનાર કે અપંગ હોય તેવા લોકો સાથે હું મિત્ર ભાવથી વર્તીશ અને તે અમારા જેવો જ સામાન્ય માણસ છે, તેવું તેમને લાગે તે માટે હું પ્રયત્ન કરીશ." આ સંશોધન લેખ દ્વારા સમાજમાં ફેલાયેલી દિવ્યાંગો પ્રત્યેની નકારાત્મક માનસિકતા દૂર થશે અને દિવ્યાંગોના માનવ અધિકારોના રક્ષણ માટે સભ્ય સમાજમાં દરેક વ્યકિતઓ આગળ આવશે તો જ દિવ્યાંગોને યોગ્ય ન્યાય આપી શકીશું.

સંદર્ભસૂચિ :

- સંદેશ ન્યુઝ પેપર નેશનલ-ઇન્ટરનેશનલ તા. ૬/૪/૨૦૧૭, પેજ નં. ૧૪ (ભારતમાં ૨૦ રાજયો)
- ત્રિવેદી એચ.એમ. (૧૯૯૮), "મનોવિશ્લેષણ શાસ્ત્ર", યુનિ. ગ્રંથ નિમાર્ણ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ, પેજ નં. ૧૬.
- રોજીંદી જિંદગીમાં માનવહક : આપણે શું કરી શકીએ ? (કાર્ય પોથી, જુલાઇ ૨૦૦૨), ડા. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ, પેજ નં. ૪૦ થી ૪૫, ૫૦ થી ૫૫.
- Sinh Arunkumar (2014), 'Advanced Clinical Psychology', Motilal Banarasdas Publication, Varanasi, Page No. 4-5.
- દેસાઇ રમીલાબેન (એપ્રિલ-૨૦૦૮), "વિકલાંગોની મનોવૈજ્ઞાનિક, સામાજીક સમસ્યાઓ અને સમાયોજન", સંગના સોસાયટી, સુરત, પેજ નં. ૮૩-૮૪.

ડા. જીતુભાઇ આર. ખાણિયા
આસિસ્ટન્ટ પ્રોફેસર,
મનોવિજ્ઞાન વિભાગ,
આણંદ આર્ટ્સ કોલેજ, આણંદ

આયુધ પ્રકાશન

- **પુસ્તક પ્રકાશન (ISBN)**
- **આયુધ સામયિક (ISSN)**
- **સુરભિ સામયિક (ISSN)**

સંપર્ક
94 28 34 36 35 & 84606 53209
ayudh2013@gmail.com
www.ayudhpublication.com